હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

# ટાઈમ્સ ઓફ ખત્રી

# Times of Khatri

માસિક

હાલાઈ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફકત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ-૭ અંક-૪ સળંગ અંક-૭૨ માહે-રમઝાન હિજરી-૧૪૪૪ એપ્રિલ-૨૦૨૩

તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/-

## હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ

ડૉ. અઝીઝ ખત્રી, મુંબઈ

સાહેબો! સમાજ હંમેશા prsentation ને જ જુએ છે. ગમે તેવા હોંશિયા, મહેનતુ હોવ સમાજને હંમેશા prsentation માં જ રસ હોય છે. દુનિયા તેને જ માને છે.

પણ યાદ રાખશો, અલ્લાહ રબ્બુલ ઈજ્જત તે ફકત ઈન્ટેનશન જુવે છે. તમારી નિય્યત જેટલી નિઃસ્વાર્થ હશે, કૌમ માટે હશે તેનો બદલો પણ multiply થઈને જ મળે છે. જે ૧૦૦% સાચી વાત છે.

આ ફાની દુનિયામાં સાહેબો ખુશીઓ ફેલાવો. જેટલી ખુશીઓ સમાજને આપશો યાદ રાખો, તેજ ફરી પાછી આપણી પાસે આવશે અને તે પણ multiplication માં.. 'ખુશીઆ બાંટતે ચલો સાહેબો'

અનુસંધાન પાના નં. ૭ ઉપર....

**HALAI MUSLIM KHATRI TRUST**

(Trust Regd. No. B/114-RAJKOT)

3-Gokulnagar, B/h. 50 ft. Road, Kothariya Main Road, RAJKOT-360 002. INDIA

Halai Muslim Khatri Trust has emerged with a thought to lift up the education level in our Khatri community and to help financially deserving students. A group is formed by well known social workers and prestigious members of our community in leadership of Dr. Aziz Khatri (Mumbai).

A good amount of fund is required to help our community children who could not continue their education further due to lack finance. Help us to this noble cause by donating as much you can.

We do accept Lillah, Sadaqah and Zakat.

**Donation Appeal**

- Motivational seminars, Personality development & Career counseling
- Financial help to deserving students for university fee, uniform and stationary expenses.
- Create awareness of importance of education by monthly news paper 'Times of Khatri'
- More importance on female education

**More information and Inquiry :**

President: Dr. Aziz Khatri (+91-9322403733)
Vice President: Rafik Chhatbar (+91-8200713549)
Secretary: Sameer Ghumra (+91-9227213606)

**Bank Details:**

ICICI Bank Ltd A/c No: 084805000923
IFSC Code: ICIC0000848
(domestic transactions)

+91 9820223138

Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)

Asif Khatri
Managing Director

179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
☎ +91 22 2345 5378 / 2345 5479
✉ : fauzexports@gmail.com
🌐 : www.fauzexports.com

# તૌબાહ કેમ જરૂરી છે?

રજૂઆતઃ અ.ગફાર એમ. સોનેજી "નૂરી", દુબઈ

દીને ઈસ્લામના માનનીય આલિમોએ તેમના પ્રવચનમાં ફરમાવ્યું છે કે, જાણે-અજાણે થયેલા ગુનાહની તૌબાહ કરવી જરૂરી છે. કરેલા પાપોનું ધોવાણ તૌબાહરૂપી સાબુનથી જ શકય છે. સૌ પ્રથમ તો નક્કી કરી લેવું પડશે કે, ફરી કયારેય તે ગુનાહ નહીં કરૂં. બીજુ, જે ગુનાહ થઈ ગયા છે તે માટે પસ્તાવો પણ જાહેર કરવો પડશે અને ત્રીજુ, તે ગુનાહિત પ્રવૃતિ છોડવી પડશે. આ થઈ પ્રથમ શરત. જેના માટે અલ્લાહ તઆલા સમક્ષ તૌબાહ કરી લેવી પડશે. એક શરત એ છે કે તમે કોઈ બંદા સાથે બદસુલુકી, ધોખાઘડી કે કોઈ નુકશાન પહોંચાડેલ છે તો તે વ્યક્તિ પાસે માફી માંગી તેને થયેલ નુકશાનની ભરપાઈ કરી તેની પાસે વ્યક્તિગત માફી માંગી તેનાથી મુક્તિ મેળવવી પડશે.

ઉપર્યુકત શરતોમાંથી કોઈપણ એકમાં ક્ષતિ રહી ગઈ હોય તો તે તૌબાહ યોગ્ય રીતે નહીં થઈ તેમ કહેવાશે. બેશક, અલ્લાહ ગફુર્રહીમ છે, મોટી શાનવાળો.

સુરઅ તહરીમ (૬૬):૮ (અર્થ) ''અય ઈમાનવાળાઓ! અલ્લાહ સમક્ષ સાફ (નિખાલસ) દિલથી તૌબાહ કરો.''

ઈસ્લામના આગમન પહેલા અરબની સરજમીન પર લોકો હર એક બદીમાં સપડાયેલા હતા. દુશ્મનાવટ સદીઓ સુધી ચાલતી, સ્ત્રીનું કોઈ માન-સન્માન નહોતું. મૂર્તિ પૂજા સાથે દિકરીઓને જન્મતાં જ દૂધ-પીત્તી કરી મારી નાખતા. 'લાઠી તેની ભેંસ'નું ચલણ સામાન્ય હતું. લોકો ગુનાહના સમંદરમાં ડૂબેલા હતા અને પરેશાન હતા.

તે યુગમાં એક 'નૂર' પ્રકાશિત થયું. વિશ્વના લોકોની ભલાઈ માટે રણપ્રદેશમાં સરકારે મદીના (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)નું આગમન થયું. દીને ઈસ્લામના આગમનથી સર્વે બદીઓ-ઝુલ્મ સિતમ ખતમ થયા, જેમ જેમ દીને ઈસ્લામ ફેલાતો ગયો તેમ તેમ એકબીજાના દુશ્મનો આપસમાં ભાઈ-ભાઈ બની ગયા. 'ક્ષમા કરો, ક્ષમા આપો'ની ભાવના બળવત્તર થઈ. દુશ્મની દોસ્તીમાં પરિવર્તિત થઈ ગઈ. દિકરીઓને અપશુકન માનવાવાળા દિકરીઓને 'અલ્લાહની રેહમત' માનતા થઈ ગયા. દીને ઈસ્લામની આ ચળવળ કે જેમાં ઘણાં કારણો હતા, તેમાં એક મુખ્ય કારણ હતું 'ગુનાહની તૌબા'. સર્વેએ ગુનાહોની માફી માંગી. અલ્લાહનો કરમ તો જુઓ આ પુરા વિશ્વમાં 'શાંતિનો સંદેશ' ફેલાવવા તેના અનુયાયીઓ ફેલાઈ ચૂકયા છે, સુબ્હાનઅલ્લાહ! લોકોના ભક્ષક આજે લોકોના રક્ષક બની ગયા. આ ચમત્કાર દુનિયાના સાચા રેહબર રેહમતુલ્લીલ આલમીન (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)ની તાલિમાતની અસર હતી.

તૌબાહ કરવાથી જિંદગીમાં કેટકેટલા ફાયદા થાય છે, તે પણ જાણી લઈએ -

(૧) તૌબાહ કરનારના ગુનાહ અલ્લાહ માફ કરી દે છે.
(૨) તૌબાહ કરનાર બંદો અલ્લાહનો પ્યારો થઈ જાય છે.
(૩) તૌબાહ કરનારને નેક કામ કરવાની પ્રેરણા મળે છે.
(૪) તૌબાહ કરનારના ગમ દૂર થઈ જાય છે.
(૫) તૌબાહ કરનારના માલમાં બરકત નાઝીલ થાય છે.
(૬) તૌબાહ કરનારથી અલ્લાહ ખુશ થાય છે.
(૭) તૌબાહ કરનારનું કાળું દિલ ધીમે ધીમે સ્વચ્છ થાય છે.
(૮) તૌબાહ કરનારના ગુનાહોને અલ્લાહ નેકીમાં બદલી દે છે.
(૯) તૌબાહ કરનારને એવી જગ્યાએથી રોજી મળે છે કે જયાં તેનું કોઈ ગુમાન પણ નથી હોતું.
(૧૦) આસમાન આંબે તેટલા ગુનાહ પણ સાચા દિલથી તૌબાહ કરનારના બક્ષી દે છે. અલ્લાહો અકબર!!!

તૌબાહ માટે બુખારી શરીફ, મુસ્લિમ શરીફની હદિષોના હવાલાથી મફહૂમ છે કે, ગુનાહ માટે તૌબાહ માંગવી જરૂરી છે. રબ તઆલા પાસે તૌબાહનો દરવાજો ત્યાં સુધી ખુલ્લો છે, જયારે કે સૂર્ય પશ્ચિમથી ઉગે.

એક હદિષનું મફહૂમ છે કે, અલ્લાહ મૃત્યુ સમયની સ્થિતિ પહેલાં પણ બંદાની તૌબાહ કબૂલ કરે છે. (તિરમીઝી શરીફ)

તૌબાહ માટે વૃધ્ધાવસ્થા કે શકરાતની સ્થિતિ સુધી રાહ જોવી મૂર્ખતાપૂર્ણ છે. રોજ રાત્રે સુતી વખતે તૌબાહ કરી જ લેવી. સવારે આંખ ખુલે કે ના ખુલે. 'આજ મિટ્ટી કે ઊપર તો કલ મિટ્ટી કે નીચે' માટે હર ઘડી તૌબાહ કરતા રહેવું જરૂરી છે.

બુરી આદતો અને બુરા કાર્યોથી આખેરતમાં તો નુકશાન થાય છે પણ વર્તમાન જિંદગી પર પણ અસર થતી હોય છે. જેમકે, બુરી બિમારીઓથી ઘેરાઈ જવું, રોજીની તંગી મહેસૂસ કરવી, બરકત ઉડી જવી, શારીરિક નબળાઈ આવી જવી, યાદદાસ્ત કમજોર થવી, લોકોની નજરમાંથી ઉતરી જવું, ઈબાદતનો શોક ઘટી જવો, દિલ પરેશાન રહે, ચહેરા પર નુરાનીયત ઘટી જવી, કોઈ કામ સફળ થતાં ન લાગે, તો સમજી જવું કે અલ્લાહ તઆલા સમક્ષ માફીના તલબગાર બની સાચા

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346
KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI
FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155
EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

દિલથી તૌબાહ કરી લેવી જરૂરી છે. તમને રોજી આપી રહયો છે, જીવાડી રહયો છે, તેની સમક્ષ જતાં શેની શરમ આવે છે? સાચા દિલથી તૌબાહ કરી લેશો તો તમારું મન-શરીર કેવું હળવું ફૂલ બની જશે તેની કલ્પના પણ તમે નહીં કરી શકો!!

વૈજ્ઞાનિક સંશોધન મુજબ સાબિત થયેલું છે કે ગુનેહગારની પરેશાની, અજંપો કે માનસિક તાણના હિસાબે લોહીમાં 'હિસ્ટામીન'નો વધારો થાય છે અને બ્રેઇન ઉપર તેની અસર થાય છે. આવું ના થાય તે માટે અને સુખચૈનવાળી જિંદગી જીવવા માટે ગુનાહની તૌબા ખૂબ જરૂરી છે. અલ્લાહના હબીબ (સલલ્લાહુ અલૈહિ વસલ્લમ)નો વસીલો માંગી દુઆ કરો તો અલ્લાહ જે ૭૦ માંઓ કરતા પણ વધુ પ્યાર કરવા વાળો છે તેનાથી તમે કદી નિરાશ નહીં જ થાવ.

ગુનેહગારનું દિલ બુઝદીલી પૈદા કરે છે. મજબૂતીનો સારો દારોમદાર નિયત ઠીક પર આધારિત છે. ગુનાહ કરનારના ચેહરા પર તમને કદી નૂરાનીયત નઝર નહીં આવે. જયારે ઇબાદતે ઇલાહી કરનારના ચેહરા પર નઝર પડતાં જ મુખેથી સુબ્હાનલ્લાહ! નીકળી જશે. પરહેઝગાર અને મુતકકી બનો, કારણ કે અલ્લાહના નેક બંદા હંમેશા ગૈરતવાળા અને બહાદુર લડવૈયા હોય છે.

ઇબ્ને માઝા હ.નં. ૪૨૫૧નું મફહૂમ છે કે ''સારે ઇન્સાન ખતાકાર હય, ખતાકારોં મે સે બહેતર વો હય જો તૌબા કર લેતા હય.'' ગુનાહને કદી નાનો ન સમજો, ગુનાહ એક આગ સમાન છે. એક ગુનાહની પાછળ ૧૦ બૂરાઇઓં આવતી હોય છે. ગુનાહની આગ અલ્લાહના ગઝબને ભડકાવવામાં મદદ કરે છે. આપણાં ગુનાહના લીસ્ટથી અલ્લાહના પ્યારા હબીબ (સલલ્લાહુ અલયહિ વસલ્લમ)ને રંઝીદા બનાવે છે, સફાઅતના ધણી પાસે આપણે કયા મુખે ઊભા રહી શકીશું? ગુનેહગાર પોતાની જાતને તકલીફમાં મૂકે છે.

માટે ગુનાહ છોડી તૌબા કરી લેવી જ બહેતર છે. માફીના તલબગાર બની પાક/સ્વચ્છ જીવનની શુભ શરૂઆત કરી જ દઇએ. રમઝાનનો મુબારક મહિનો ચાલી રહયો છે. તેની રેહમતોનો લાભ લઇ જીવનને સુધારણાના પંથે ચલાવીએ.

*બે જુબાન કો જબાન, પઢને કે લિયે કુર્આન,*
*ગુનહગારોં કો બક્ષવાને આ ગયા હૈ રમઝાન.*

એક ઇબ્રતનાક સંવાદ વાંચી તમારૂં દિલ પીગળી જશે ને તેમાં રહેલી શિખામણ તમને તૌબાહ કરવા તરફ પ્રેરણારૂપ થશે.

હઝરત સૈયેદના ઇબ્રાહિમ ઇબ્ને અદહમ (રહમતુલ્લાહ અલૈહિ) પાસે એકે અરજ કરી કે 'હું ગુનાહોનો મરીઝ છું, મને ગુનાહોંથી મુક્તિ કઇ રીતે મળે કે જેથી હું બૂરી આદતોથી છૂટકારો મેળવું?' તેમણે ગુનેહગાર બંદાને કહ્યું, 'તને જયારે ગુનાહ કરવાનું મન થાય ત્યારે અલ્લાહની રોઝી ખાવાનું બંધ કરી દે.' 'એ તો શકય નથી!' ગુનેહગારે કહ્યું. 'તું જેની રોઝી ખાય છે તેની જ નાફરમાની કરે છે!?!' ફરી કહ્યું કે, તને ગુનાહ કરવાનું મન થાય તો તું અલ્લાહની જમીનમાંથી બહાર નીકળી ગુનાહ કર. 'એ પણ શકય નથી' ગુનેહગાર ઉવાચ.

''તું જેના મુલ્કમાં રહે અને તેની જ નાફરમાની કરે??'' હઝરતે ત્રીજી જાત એ કરી કે, 'અલ્લાહ ન જુએ તેવી જગ્યાએ જઇ ગુનાહ કર!' 'અલ્લાહ તો સર્વત્ર છે, એ પણ શકય નથી.' ગુનેહગાર ખામોશ. હઝરતે ફરમાવ્યું કે 'તું તેને હાઝીર-નાઝીર સમજે છે, જાણે છે છતાં ગુનાહ કરે છે? તાઅજુબની વાત છે.' હઝરતે ગુનેહગારની જાતને ઢંઢોળી પ્રશ્ન કર્યો કે, જયારે મૌતનો ફરિસ્તો જાન લેવા આવે ત્યારે તું ના પાડી દેજે!!! તૌબા માટે થોડોક ટાઇમ માંગી લેજે. 'એ પણ અશકય છે, કારણ કે મૌત જે ક્ષણે લખાયેલ છે તે ક્ષણે આવીને જ રહેશે.' ગુનેહગાર શાંત. હઝરતે ફરમાવ્યું 'જયારે તને એ અધિકાર જ નથી તો અત્યારના સમયને ગનીમત શા માટે નથી સમજતો? મલેકુલ મૌત આવે તે પહેલાં ગુનાહની તૌબાહ કેમ નથી કરતો?'

'કબરમાં ફરિસ્તા સવાલ/જવાબ માટે આવે ત્યારે તું તેને ભગાડી દેજે?' હઝરતે ફરી સવાલ કર્યો.

'ઇ તો મારા બસની વાત નથી' ગુનેહગાર લાચાર. હઝરતે ફરમાવ્યું કે 'તો પછી તેની તૈયારી અત્યારથી જ કેમ નથી કરતો?'

'કયામતના દિવસે તારા ગુનાહના હિસાબે જો ફરિસ્તા તને દોઝખ તરફ લઇ જાય તો તું જ જતો, અકડાઇ જજે.' હઝરતના છેલ્લા તીરે ગુનેહગારને બેચૈન કરી દીધો.

'ફરિસ્તાઓ સાથે લડવાની મારી તાકાત જ નથી.' રડમશ અવાજે ગુનેહગાર બોલ્યો. હઝરતે ફરમાવ્યું કે 'તને આટ આટલા ઉદાહરણ આપી સમજાવ્યો કે હજુ પણ સમય છે, સમજી જા. તારે જો ગુનાહથી મુક્તિ મેળવવી હોય તો ગુનાહોની તૌબાહ અલ્લાહ તઆલા પાસે કરીને, ગુનાહોને તિલાંજલી આપવી જરૂરી છે. અલ્લાહ ગફુર્રુહીમ છે. તે તને જરૂર માફ કરશે.'

હઝરત અદહમ (રહેમતુલ્લાહ અલૈહ)ના આ બોધ

અનુસંધાન પાના નં. ૪ ઉપર...



Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK
Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care
1st Floor, Paras Apartment, Plot No. 72, Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396 95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

AHMEDRAZA JAMIL MANDHU
0555983786
04-3593987
applestarcomp
applestarcomp@hotmail.com
www.applestarcomp.com
M.AKIB JAMIL MANDHU
+971588494679
ابل ستار كمبيوتر
APPLESTAR COMPUTER L.L.C.
We are dealing with...
LAPTOP & TABLET REPAIRING
TONER & CARTRIDGE REFILL
C.C.T.V. CAMERA & NETWORKING,
USED & NEW LAPTOPS/TABLETS
ALL SPARE PARTS
AL RAFA ROAD, KHALEED BIN WALID STREET, BUR DUBAI UAE, P.O. BOX: 242886

# સ્પેન (અંદાલુસ)ની કહાની.. (ભાગ-૨)

અલ્ફૈઝ કારાતેલા, આફ્રિકા

ગતાંકથી ચાલુ...

થોડા સમય બાદ એક ઘટના ઘટી. સ્પેનની જામા મસ્જિદમાં જયારે બધાં ફજરની નમાઝ અદા કરવા જઈ રહયા હતા ત્યારે મસ્જિદની સામે મેઈન ગેટ પર મકરૂહ શકલનો પૂતળો બનાવેલો હતો ને તેની ઉપર ગંદી વસ્તુઓના હાર નાખેલા હતા અને એક તખ્તી લગાવેલી હતી ને લખેલું હતું હાઝા મુહમ્મદ. અલ્લાહની પનાહ..અસ્તગફિરૂલ્લાહ..

મુસલમાનોએ જોયું ત્યારે તેઓમાં જોશ બરપા થઇ ગયું. તેઓ આબાદીમાં ઘૂસ્યા ને તોડફોડ કરી મૂકી. ઈસાઈઓને કત્લ કરવાનું શરૂ કરી દીધું. જો કે ઈસ્લામી હુકુમત તો હતી પરંતુ હુકુમતના પણ તકાઝા હોય છે અને ખાસ કરીને ઈસ્લામી હુકુમતના તો બહુ જ ઉસુલ ને ઝાબતા હતા. પરિણામે ફૌજ આવી ને કર્ફયુ લગાવી દેવામાં આવ્યું.

ઈસાઈઓની તરત જ ગુપ્ત મીટીંગ બોલાવવામાં આવી. બીશોપને પૂછયું, આજની ઘટનાની તમને ખબર છે? બીશોપએ કહયું, હા મને ખબર છે. ઈસાઈઓએ જંગની ઈજાઝત માંગી. બીશોપએ કહયું, ના હજુ એ વખત નથી આવ્યો. શોરબકોર થયો. બીશોપએ 'હા' ના જ પાડી તે ના જ પાડી. મીટીંગ બરખાસ્ત થઇ.

લગભગ એક વર્ષ પછી વળી એક ઘટના ઘટી. એક મુસલમાન ઔરત બઝારમાં ખરીદદારી માટે નીકળી. ભરી બઝારમાં એક ઈસાઈ લફંગાએ તેની છેડતી કરી નકાબ ખેંચી લીધો. તેણીએ શોર મચાવ્યું. મુસલમાન પોતાની દુકાનોમાંથી બહાર આવ્યા ને તે લફંગાને મારી નાંખ્યો. હવે ખૂન થયું એટલે અમુક ઈસાઈ પણ નીકળી પડયા. દંગા ચાલુ થયા. ફરી ફૌજ આવીને કર્ફયુ લાગ્યું.

ફરી એજ ગુપ્ત મીટીંગનું આયોજનને બિશપને જંગની પરવાનગી માટે મંજૂરીની દરખાસ્ત. ફરી બિશપે નન્નયો ભણી દીધો. મીટીંગ બરખાસ્ત. લોકો તેને ખરૂ-ખોટું સંભળાવી ચાલતા થયા.

ફરી અમુક અરસા બાદ ત્રીજી ઘટના ઘટી. એક પાગલ બઝારમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ)ની શાનમાં એલફેલ બકવાસ કરી રહયો હતો. અમુક નૌજવાન આગળ આવ્યાને તે બદબખ્તને મારવાનું શરૂ કરી દીધું. અમુક ઝઈફ આગળ આવ્યાને નૌજવાનોને અલગ કર્યા ને કહ્યું કે આ તો પાગલ છે તમે કેમ પાગલ થઈ રહયા છો, એ તો દીવાનગીના આલમમાં એવું કરી રહયો છે. તેની પર શું હુકમે શરહ લગાવશો? છોડી દો તેને જવા દો... પાગલ ત્યાંથી બબડતો ચાલતો થયો.

અચાનકે બિશપે મીટીંગ બોલાવી. બધાં જર્નલને ઓર્ડર પહોંચ્યો. બધા હેરાન. કંઈ કોઈ મોટી ઘટના ઘટી નથી, કોઈ દંગા-ફસાદ થયો નથી પછી કેમ?

મીટીંગ બોલાવવાનું કારણ અને આગળની ઘટના અને તેના પ્રત્યાઘાત શું હતા? બધું જ જોઈશું આગામી અંકમાં...

---

અનુસંધાન પાના નં. ૩ નું ચાલુ...

વચનથી પ્રભાવિત થઇ ગુનેહગાર બંદાએ ખુદા તઆલાની બારગાહમાં તૌબાહ કરી. તેના દિલ પર એવી અસર થઇ કે તે સઘળા ગુનાહ છોડી નેક ઇન્સાન બની ગયો. આપણને જયારે શૈતાન ગુનાહ તરફ પ્રેરિત કરે તો હઝરત અદહમ સાહેબના પ્રશ્નોને પણ યાદ કરી લઇએ, જેથી ગુનાહથી બચી શકીએ.

ઉપરની બોધ વાણીને પણ આપણાં જીવનમાં વણી લઇએ. જાણે-અજાણે થયેલા ગુનાહ માટે તૌબાહ કરતાં રહીએ તે જરૂરી છે.

અસ્તગફિરૂલ્લાહ રબ્બિ મિન કુલ્લે ઝંબીંવ વ ખતિઅતીવં વઆતુબો એલયહ અથવા 'અસ્તગફિરૂલ્લાહ'ની એક તસ્બીહ રોજ પઢી લેવી. તૌબાહ ફકત ક્ષમા યાચના જ નથી પણ બુલંદ દરજજા માટે દુઆ પણ છે. અજમાવી તો જુઓ.

*મુઝરીમ હો તો અશ્કોં સે મુંહ કો ધોતે ચલે જાના,*
*ફાઅતકી રાહ મેં સરકારકી ચૌખટ પે ચલે જાના.*

-"નૂરી"

અલ્લાહ તેના પ્યારા હબીબ (સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ)ની તુફૈલ ગુનાહથી બચાવે અને તૌબાહ કરનારા બનાવે, આમીન.

**આપના લવાજમ થકી જ ટાઈમ્સ ઓફ ખત્રી ટકી રહેશે.**

CSC　HDFC BANK　BAJAJ Allianz　ICICI Lombard Nibhaye Vaade
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
VISION CONNECT
ONE STOP POINT FOR ALL E-GOVERNENCE & DIGITAL SERVICE'S
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઈ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri　Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

# સુટેવો – આપણાં જીવનની મૂડી

એમ. એ. વલોરા, મોરબી

We are what we repeatedly do. Excellence, then, is not an act but a habit.... -*Aristotle*

આપણે તે (બનીએ) છીએ, જે સતત કરીએ (આચરીએ) છીએ. મતલબ કે ઉત્કૃષ્ટતા મેળવવા માટેનું એક માત્ર સાધન ‘કાર્ય’ નથી પણ (આપણાં દ્વારા પુનરાવર્તન પામતી આપણી) આદત છે.

બાળપણથી સારી આદતો કેળવાએલી હોય, તો તે સારા પરિણામો મેળવવાના સોપાન આપોઆપ બની જાય છે. ખાસ કરીને છાત્રાલયોમાં રહેતા બાળકોમાં આવી સુટેવોનું આરોપણ સરળતાથી કરી શકાય. તે માટે ગૃહપતિ અને ટ્રસ્ટીઓની ખેવના અને દ્રષ્ટિની જરૂર જોઇએ.

સુટેવોના કેટલા ક્ષેત્રો આપણે પસંદ કરી આપણાં કુટુંબમાં પણ બાળકોના ઘડતર માટે વિચારી શકીએ. ખાસ કરીને આપણે દીની, વ્યાવહારિક અને અભ્યાસકિય બાબતોમાં કાળજી લઇ થોડા પ્રયત્નો કરી તેમની પ્રગતિમાં થોડો સુધારો કરી શકીએ.

આ માટે દરેક ક્ષેત્રોમાં આદતને identify કરવી પડે. આ બાબત વ્યક્તિએ વ્યક્તિએ જુદી હોઇ શકે, પણ સરવાળે સમાનતા ઊભી કરવાની રહે છે. વૈયક્તિક ભિન્નતા, વય ભિન્નતા, ભૌગોલિક ભિન્નતા હોઇ શકે. સૌ પ્રથમ તો બાળકનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવો પડે. તેનામા કઇ આદતને સુધારવાની જરૂર છે, તેની નોંધ તૈયાર કરવી પડે. પછી તેનું સુટેવમાં રૂપાંતરણ કરવા માટે વિચારવું પડે.

બાળક ડાબા હાથે લખે છે, ડાબા હાથે ખાય છે..વિ. તો દીની બાબતોમાં તેને સામેલ કરી તેને લખવા-જમવા ઇત્યાદિ માટે દીની તાલીમ આપી શકાય. (કેટલીક માન્યતા એવી છે કે ડાબોડીને ડાબા હાથે જ લખવા દેવા જોઇએ.)

વ્યવહારિક બાબતોમાં બાળકોને અવલોકન કરવાનું કહી શકાય કે જે તે બાબતમાં બીજા શું કરે છે? શું તે રીતે કાર્ય/આચરણ કરતાં કામ સરળ બને એમ છે? બાળકને સરળ પડશે, તો તે તેમ કરવા પ્રેરાશે.

અભ્યાસકિય બાબતોમાં આપણે આપણાં અનુભવે ઊભી કરેલ બાબત બાળકમાં આરોપી શકીએ. આપણે તેના પર સતત નજર રાખવી પડે.

હવે આ બધી અને આના જેવી અન્ય બાબતોમાં બાળકને સતત ટોક ટોક કરવાથી પરિણામ ઊલ્ટું આવી શકે. તેને પ્રેમથી સમજાવવા પડે. egoise બાળક પોતાને આપવામાં આવતા આદેશ સ્વીકારતા નથી. પ્રેમ, સમજાવટ અને ઉદાહરણ થકી તેની સમજાવી શકાય. આપણાં અનુભવ મુજબ નવી નવી બાબતો તેને શીખવવા, સમજાવવામાં ઉપયોગમાં લઇ શકાય.

## ખત્રી બિરાદરો જોગ...

કોઇપણ સમાજને શિક્ષિત, ચેતનવંતો, કુરિવાજવિહીન બનાવવા માટે જો કોઇ મુખ્ય સ્ત્રોત પૈકી હોય તો તે સમાજનું મુખપત્ર છે. જેના થકી સમાજમાં પ્રવર્તી રહેલા પ્રવાહોને વાચા આપવામાં આવે છે, પોતાના વિચારોને સમગ્ર સમાજ સામે રજૂ કરી શકાય છે, સમાજના દૂષણો પ્રત્યે ધ્યાન દોરવામાં આવે છે, તેને ડામવાના વિચારો રજૂ કરવામાં આવે છે. આવી તમામ જવાબદારીઓ ‘ટાઇમ્સ ઓફ ખત્રી’ બખૂબી બજાવી રહયું છે અને તેનો ફાયદો પણ આપ લોકોની સમક્ષ દેખાઇ રહયો છે. સમાજ આજે જાણે તંદ્રામાંથી જાગીને, ઉત્સાહિત થઇને સમાજહીતના કામે લાગી ગયો છે. તેવા સમયે આપણી પણ ફરજ બની રહે છે કે આપણું આ મુખપત્ર આજના મોંઘવારીના સમયમાં ટકી રહે, વર્ષો સુધી સમાજની સેવામાં સેતુરૂપ કાર્ય કરતું રહે, એ માટે આપનું લવાજમ તાત્કાલિક ઓફિસ કાર્યાલયે મોકલી આપવું. આપની આ લવાજમરૂપી સહાયથી જ આપણું ‘ટાઇમ્સ ઓફ ખત્રી’ ટકી રહેશે.

આપ સર્વેને વિનંતી કરવામાં આવે છે કે આપે આપનું લવાજમ તાત્કાલિક કાર્યાલયે મોકલી આપવું અને સમાજમાં દરેકે દરેક ઘર નિયમિત લવાજમ પહોંચાડે તેવા પ્રયત્નો કરવા.

આપના સારા-નરસા પ્રસંગોએ આપણાં સમાજના મુખપત્રને યાદ રાખી સમાચારની વિગતો ઇમેઇલ ચોકકસ કરશો. આપણાં મુખપત્રને આવા સમયે ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપશો તેવી અપીલ છે.

NRP
NEW RAJ PLASTIC
Rajakbhai
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts
3-GOKULNAGAR, RAJKOT - 360 002.

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com
Bharat fast food

# ઈસ્લામનો સુવર્ણ કાળ: ૧૦૦ મુસ્લિમ વૈજ્ઞાનિકો

ફિરોઝખાન, ટોરંટો, કેનેડા

(ક્રમાનુસાર ચાલુ...)

## અલ ફર્ઘની (૭૯૮-૮૭૦)

અલ ફર્ઘની એક મહાન ખગોળશાસ્ત્રી અને ઇંજિનિયર હતા. યુરોપના દેશો અને અમેરિકા જેવા દેશો એમને અલ ફારગનસના નામથી જાણે છે. બગદાદની અબ્બાસિદ હુકુમતમાં તેઓ દરબારી ખગોળશાસ્ત્રી તરીકે સેવા આપતા. નવમી સદીના ખગોળશાસ્ત્રીઓમાં એમનું સ્થાન બહું આગળ પડતું હતું. તેમણે ખગોળશાસ્ત્ર પર અનેક માહિતીસભર પુસ્તકો લખ્યાં. એટલું જ નહિ તેમણે ખગોળશાસ્ત્રમાં ઉપયોગી એવા અનેક ઉપકરણો પણ બનાવેલા. આ ઉપકરણો એ સમયે યુરોપ અને આરબના દેશોમાં વહેંચેલા. એમણે લખેલા પુસ્તકો અને બનાવેલા ઉપકરણો એ સમયથી લઇ આજસુધીના ઘણાં વૈજ્ઞાનિકો વાપરી રહયા છે.

એક મજેદાર પરંતુ સાચી વાત એ છે કે જયારે કોલંબસ (જેણે અમેરિકા શોધેલો) નવો દેશ શોધવા નીકળેલો ત્યારે એણે અલ ફર્ઘની દ્વારા બનાવેલ કંપાસ અને અન્ય સાધનો વાપરેલા. એમણે લખેલ પુસ્તક ''કિતાબ ફી જવમી ઇલ્મ અલ-નુઝુમી'' ખગોળશાસ્ત્ર પર લખાયેલી એવી પુસ્તક છે, જેનો દુનિયાની અનેક ભાષાઓમાં અનુવાદ થયો છે. અંગ્રજીમાં અનુવાદિત એમની આ પુસ્તક અમેરિકા અને યુરોપના ઘણાં દેશોની કોલેજોમાં ભણાવવામાં આવે છે. પશ્ચિમ દેશોના લોકો આ કિતાબને 'ધ બાઇબલ ઓફ એસ્ટ્રોનોમી' કહે છે.

તેઓ એક ઉચ્ચ કક્ષાના ખગોળશાસ્ત્રી તો હતાં જ પણ એ સાથે તેઓ એક સારા ઇન્જીનિયર પણ હતા. ઇજિપ્તમાં નાઇલ નદી પર અને એની આસપાસ બનાવવામાં આવેલી અનેક ઇમારતોના બાંધકામ એમની દેખરેખ હેઠળ બનેલા છે. અમેરિકાએ આ મહાન ખગોળશાસ્ત્રીને સન્માનવા માટે ચાંદ પર આવેલ એક મોટા ખાડાને એમનું નામ આપેલું છે.

તેઓ ઇરાનમાં આવેલ સોગદીયા પાસે આવેલી ફરગના ખીણમાં જન્મ્યા હતા અને એટલે જ ફરગની કહેવાયા.

જો કે એમના જન્મ સ્થળ કે શિક્ષણ વિશેની હકકીતો કોઇ જાણતું નથી. પરંતુ એક વાત ચોકકસ છે કે તેઓ ખલીફા અલ-મામુન-અલ-મુતવકકીલના સમયમાં થઇ ગયા. પોતાનું શિક્ષણ પતાવી જેમાં ખાસ કરીને ખગોળશાસ્ત્ર અને ઇન્જીનિયરીંગમાં વિશેષતા મેળવી તેઓ માલ-મામુનના સમયકાળમાં બગદાદ ગયેલા. એ સમયે અલ-મામુનને ત્યાં પહેલેથી જ અમુક ખગોળશાસ્ત્રીઓ કામ કરતા હતા. એમને પણ ખગોળશાસ્ત્રીની ટીમમાં સામેલ કરવામાં આવ્યા. ખલીફા મામુનની જગ્યાએ જયારે ખલીફા અલ-મુતવકકીલ આવ્યા ત્યારે ફરગનીને કૈરો મોકલવામાં આવ્યા. ત્યાં નાઇલ નદી પર એક મોટું નાઇલોમીટર બની રહયું હતું. એના બાંધકામની દેખરેખની જવાબદારી એમને સોંપવામાં આવી. નાઇલોમીટર જેને અરબીમાં અલ-મિકયાસ અલ-કબીર કહેવાય છે. એ જગવિખ્યાત નાઇલ નદી, જેનો ઝીક્ર કુરાન શરીફમાં બેહર-એ-નીલ તરીકે પણ થયો છે. એક ખૂબ મોટી ઇમારત છે, જે નાઇલ નદીના પાણીના વહેણ અને ઉંડાઇને માપે છે. એક સમયે નાઇલ નદીમાં ખૂબ મોટી રેલો અને ખૂબ તબાહી થતી. ખેતીવાડી અને લોકોના જાનમાલને નુકશાનથી બચાવવા માટે નાઇલોમીટર બનાવવામાં આવેલું. કહેવાય છે કે જો અલ-ફરગની ન હોત તો આ ઇમારત બની ના હોત. આજ સુધી દુનિયાભરથી કંઇ કેટલાયે લોકો આ ઇમારતનો અભ્યાસ કરવા આવી ગયા છે.

નાઇલોમીટરની જેમજ અલ-ફરગનીને જાફરીયા નહેર બનાવવાનું કામ પણ સોંપવામાં આવેલું. આ નહેર બગદાદના ઉત્તરમાં જાફરીયા શહેરમાં આવેલી છે. ઘણાં લોકોનું માનવું છે કે મોટા મોટા બાંધો અને નહેરો જે દુનિયામાં બન્યા છે એનું મૂળ નોલેજ અલ-ફરગનીએ આપેલું છે.

અલ-ફરગનીએ અનેક પુસ્તકો અને નિબંધો લખેલા. ઇજિપ્શિયન, ગ્રીક, રોમન, રશિયન અને અરેબિક કેલેન્ડરો વિષે વિસ્તૃત માહિતી આપતા પુસ્તકો લખેલા. આ બધાં કોલેન્ડરોમાં શું તફાવત છે તે પણ એમણે બહુ જ સરળ અને સરસ રીતે લખેલું. સૂર્ય અને ચંદ્રગ્રહણો કેવી રીતે થાય છે? કેમ થાય છે? એમની પૃથ્વી અને વાતાવરણ પર કેવી અને કેટલી અસરો પડે છે આ બધી વાતોનો અભ્યાસ કરી વિસ્તૃત જાણકારી આપનારા તેઓ પહેલા ખગોળશાસ્ત્રી હતા. એમણે બ્રહ્માંડના અન્ય ગ્રહોનો પણ અભ્યાસ કરી એમના વિષે માહિતી આપેલી.

ખરૂં જોતાં અલ-ફરગની એક જીનિયસ સ્કોલર હતા. એમના સમયમાં દૂર દૂર સુધી એમની સરખામણીમાં આવે એવો બીજો કોઇ ના હતો. ખરેખર, કોઇ વખત વિચાર આવે છે કે દુનિયાભરના નોલેજનો ભંડાર મુસલમાનો પાસે હતો અને આજે એ જ મુસલમાનોને એમના અને એમના નોલેજ વિષે કશી જાણકારી નથી. જાણકારી લેવા કે આપવા પણ માંગતા નથી, એ વાતનું દુઃખ છે.

પૃથ્વીનું વ્યાસ શોધનારા એ પ્રથમ સ્કોલર હતા. આજે પણ લોકો જે અત્યાધુનિક ઉપકરણોથી પૃથ્વીના વ્યાસની શોધ કરી તે ફારગનીએ શોધેલા વ્યાસ સાથે લગભગ ૯૯ ટકા એકયુરેટ સાબિત થયું છે!

એમની લખેલી પુસ્તકો અને અન્ય લેખોનો પ્રથમ તો લેટિન ભાષામાં ત્યારબાદ હિબ્રુ ભાષામાં ત્યારબાદ અંગ્રેજી અને બીજી અનેક ભાષાઓમાં અનુવાદો થયા.

એમની વફાત વિષે કોઇપણ અધિકૃત જાણકારી ઉપલબ્ધ નથી. પરંતુ અમુક લોકોનું કહેવું છે કે તેઓની વફાત ૭૨ વર્ષની ઉંમરે ઇ.સ. ૮૭૦માં થયેલી.




જૂના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
**ખત્રી યાકુબ ઇશાક ચશ્માવાલા**
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

# જાઈન્ટ પર્સનાલીટીની વિદાય

જનાબ અજીઝ મુસા માંધુ-હરારેની અચાનક દુનિયાથી વિદાય હજારો-લાખો લોકોના દિલો પર રાજ કરનાર, એક ખુદ્દાર, નેકદીલ, કૌમી જઝબા અને હજારોના તારણહાર, દરિયાદિલ, કૌમના બેહિસાબ દાનવીર હતા. તેમના દિલમાં કૌમમાં તરક્કી કેમ થાય, ગરિબી કેમ દૂર થાય તેના વિચારો હંમેશા ઝળકતા રહેતા. કૌમનું કોઈપણ કામ હોય, ક્રિકેટ ટુર્નામેન્ટથી લઈને સંસ્થા ટ્રસ્ટના દરેક કામમાં લબ્બૈક કહી ઉભા રહેતા. આફ્રિકામાં રહી પુરેપુરૂ સુપરવિઝન કરતાં કે ક્યાંય કચાસ ના રહી જાય. ડોનેશનની તો શું વાત કરવી, જબરદસ્ત દાનવીર હતા. એક મારા દિલના ખૂણેથી વ્યથા લખું છું.



Firozbha, we were so deeply sorry for loss of Azizbha your father. He won such a talented and amazing personality with a heart of gold. The dight he brought in to the Khatri Samaj will always remain in the hearts of everyone he know and loved most. He will never be forgotten and his legacy will live on..

Ferozbha I will always remember how your father positivity and warmth influenced any life.

સમાજમાં તેમની અગ્રેસરતા આજની selfish દુનિયામાં બેજોડ હતી. હંમેશા સમાજ માટે માદરેવતનમાં આફ્રિકાથી આવતા તેમને જે સુકુન, મહોબ્બત, નિકટતા, sentiments મળતા, હંમેશા તેમના દિલથી વખાણ કરતા. ''ગરીબોના બેલી'' કહેવામાં જરાપણ અતિશયોક્તિ નહિ.

છેલ્લે, અમો સમાજ અને અમારી ટ્રસ્ટની ટીમ બારગાહે ખુદાવંદીમાં દુઆ છે, અલ્લાહ તેમના બધાં જ સગીરા-કબીરા ગુનાહોને માફ કરી હઝરત મોહંમદ (સલલ્લાહો અલૈહે વસલ્લમ)ના સદકે જન્નતમાં આલા સે આલા મકામ અતા કરે, અલ્લાહની રહેમતો તેમની કબ્ર પર વરસતી રહે, આમીન.

– ડૉ. અઝીઝ ખત્રી, મુંબઈ

અનુસંધાન પાના નં. ૧નું ચાલુ....

આજના સમયમાં કોઈના ચહેરા પર મુશ્કુરાહટ લઈ આવવી તે પણ એક આધ્યાત્મિકતા જ છે. આપના લીધે કોઈના ચહેરા પર મુશ્કુરાહટ આવે તો દુનિયાના સહુથી વધારે ધનવાન આપ જ છો.

સાહેબો! ટ્રસ્ટનો મકસદ એ જ છે કે કૌમના નવયુવાનોના ચહેરા પર ચમક આવે. તેમના કુટુંબના દરેકના ચહેરા પર મુશ્કુરાહટ આવે.

સાહેબો! રમઝાનુલ મુબારક ચાલી રહયો છે. આપની સખાવતો વધુને વધુ ટ્રસ્ટને મોકલવા વિનંતી કરૂં છું.

ગત્ વર્ષે કુલ રૂા. ૨૨ લાખ સ્ટુડન્ટ્સને આપવામાં આવેલ. ૫૫ સ્ટુડન્ટ્સ આજે આગળ વધી રહયા છે. તેમની તરક્કી આપની સખાવત પર જ છે. કૌમને આગળ આપ જ લાવી શકો છો. આપને દિલથી ઈલ્તેજા છે કે ટ્રસ્ટને હંમેશા યાદ રાખશો, ભૂલશો નહિ. આજ કામ ટ્રસ્ટ કરી રહયું છે તે માટે આપણી કૌમના સાહેબે માલનો સહુથી મોટો ફાળો છે. તેનો યશ હંમેશા તેમના ફાળે જ જાય છે.

યાદ રાખો, દાતાઓ આપની માલી કુરબાનીઓથી કૌમમાં ખુશીની લહેર ફેલાયેલી છે. હર ઘરમાં છોકરાઓને ભણાવોનું ગૂંજ સંભળાય છે. આજે હર કુટુંબ નિઃસંકોચ કહે છે કે અમો તો છોકરા અને છોકરીઓને ભણાવીશું, ટ્રસ્ટ અમારી બાજુમાં છે, અમને હવે ફીસની કોઈ ચિંતા નથી.

ટ્રસ્ટ આપણું જ છે. કૌમ માટે જ કૌમની બહુબૂદી માટે જ કાર્યરત છે. ટ્રસ્ટને હેલ્પ કરશો, ઈન્શાઅલ્લાહ આપની પુરસ જિંદગી ખુશીઓથી ભરેલી રહેશે.

અલ્લાહ તેમના હબીબે પાક (સલલ્લાહો અલયહિ વસલ્લમ)ના સદકે પુરી કૌમના હરેક કુટુંબમાં ખુશીઓની લહેરો ઉછળતી રહે. હર ફરદના ચહેરા પર મુશ્કુરાહટ રહે, દાતાઓની જિંદગી બરકતોથી માલામાલ બને, આમીન.

દાતાઓ પોતાના દાનની થેલીઓ કૌમના ટ્રસ્ટ માટે હંમેશ ખુલ્લી રાખે, આમીન.

છેલ્લે એક શેર યાદ આવી ગયો,

*પીપલ કે પત્તો કી તરહ મત બનો જો વક્ત આને પર*
*સુખ કર ગીર જાતે હૈ,*
*બનો તો મહેન્દી કે પત્તો કી તરહ જો પિસ્કર ભી દુસરો*
*કી જિંદગી મેં રંગ ભર દેતે હૈ.*

સાહેબો, ટ્રસ્ટના કામકાજમાં આપનો સહયોગ જરૂરી છે. ટ્રસ્ટનું administrative વર્ક ૧૦૦% transperancy. ચાલો આપણે સહુ ટ્રસ્ટને મદદરૂપ થઈએ.

- President, HMKT, Rajkot, (M) 93224 03733

Dr. A. G. DHADA
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

**Dhada Hospital**
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472
**City General Hospital**
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296
SHAMIYANA DYEING
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

RNI Regd. No. GUJGUJ/2017/76920 | Times of Khatri April-2023 | Postal Regd. No. Rajkot/707/2022-2024

If undelivered please return to:

ટાઇમ્સ ઓફ ખત્રી
Times of Khatri

Halai Muslim Khatri Trust
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547

To,

Posting Dt. 7th of every month at Rajkot RMS

# સમાચાર દર્પણ

## જશ્ને શાદી

જેતપુરના રહીશ જનાબ ફારૂક અ.મજીદ ટાટારીયાના ફરઝંદે અવ્વલ **સાહિલ** ની શાદી વેરાવળના રહીશ જનાબ અબ્બાસ ઓસમાણ વિજળીવાઢાની નેક દુખ્તર **હીનાબાનુ** સાથે તા. ૨૬-૦૨-૨૦૨૩ના રોજ વેરાવળ ખાતે થયેલ છે.

તેમજ તેમના ફરઝંદે દોયમ **એહમદ** ની શાદી પોરબંદરના રહીશ જનાબ હાજી એહમદ હાજી હાસમ દગીયાની નેક દુખ્તર **હાજીયાણી આઇશા** સાથે તા. ૨૮-૦૨-૨૦૨૩ના રોજ થયેલ છે.

આ ખુશીના પ્રસંગે દુલ્હાના વાલીદ જનાબ ફારૂક અ.મજીદ ટાટારીયા તરફથી હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશનને રૂા. ૨૫૦, ઓલ મુસ્લિમ ખત્રી અંજુમનને રૂા. ૧૦૦, હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૧૦૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૫૦, ખાદિમને રૂા. ૧૦૦, ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦, હાલાઇ મુસ્લિમ ખત્રી જમાત-જેતપુરને રૂા. ૫૦૦, હાલાઇ મુસ્લિમ ખત્રી જમાત-વેરાવળને રૂા. ૫૦૦ બક્ષિસ મળેલ છે. તેમજ દુલ્હનના વાલી જનાબ અબ્બાસ ઓસમાણ વિજળીવાઢા તરફથી હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશનને રૂા. ૫૦૦, ઓલ મુસ્લિમ ખત્રી અંજુમનને રૂા. ૫૦૦, હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૫૦૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૫૦૦, ખાદિમને રૂા. ૧૦૦, ટાઇમ્સ ઓફ ખત્રીને રૂા. ૧૦૦, હાલાઇ મુસ્લિમ ખત્રી જમાત-વેરાવળને રૂા. ૫૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## તશ્રીફે જહાં

જનાબ એઝાઝ આહમદ ગિરાચ (દુબઇ)ને ત્યાં તા. ૧૭-૦૩-૨૦૨૩ના રોજ પુત્રી નામે **આયશ ફાતીમા** નો જન્મ થયેલ છે. આ ખુશીના પ્રસંગે દાદાજાન મહોતરમ આહમદ અ.અઝીઝ ગિરાચ તરફથી ખાદિમને રૂા. ૫૦૦, હાલાઇ મુસ્લિમ ખત્રી જમાત-પોરબંદરને રૂા. ૫૦૦, હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશનને રૂા. ૫૦૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૫૦૦ અને હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૫૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## સગપણ ફોક

જામનગરના રહીશ જનાબ અશરફ અબ્દુલ્લા વિજળીવાઢાની સુપુત્રી **ઝૈબા** નું સગપણ મર્હુમ હાજી મ.ઇકબાલ ધડાના સુપુત્ર **મ.મુબીન** સાથે થયેલ. તે સગપણ તા. ૧૧-૦૨-૨૦૨૩ના રોજ અશર. અબ્દુલ્લા વિજળીવાઢાએ ફોક કરેલ છે. (જનાબ અશરફ અબ્દુલ્લા વિજળીવાઢાએ ટાઇમ્સ ઓફ ખત્રીને લેખિતમાં જાણ કરેલ છે, જેના આધારે આ સમાચાર આપેલ છે)

## લવાજમ

શાયદાબેન દાઉદભાઇ વલોરા, બજરંગવાડી, રાજીવનગર-૨, રાજકોટનું રૂા. ૧૦૦ લવાજમ મળેલ છે.

## રૂખ્શતે જહાં

- જેતપુર (નવાગઢ)ના રહીશ ઇકબાલ અબ્દુલ્લા ઘુમરા (મેતાજી)નો તા. ૨૭-૩-૨૦૨૩ના રોજ ઇન્તેકાલ થયેલ છે.
- બેરા (મોઝામ્બિક)ના રહીશ આસીફ સિદ્ધીક કારાતેલાનો ઇન્તેકાલ થયેલ છે. ....ઇન્ના લીલ્લાહે વ ઇન્ના ઇલયહે....

## હાલાઈ મુસ્લિમ ખત્રી જમાઅત-વેરાવળના નવનિયુક્ત હોદ્દેદારો

તા. ૧૨-૦૩-૨૦૨૩ના રોજ સાંજે ૪ વાગ્યે હાલાઇ મુસ્લિમ ખત્રી જમાઅત, વેરાવળની જનરલ મિટિંગ, જનાબ ડૉ. સલીમ માંકડ સાહેબના ઘરે મળી હતી. તેમાં વર્ષ ૨૦૨૩-૨૪ માટે વરાયેલા હોદ્દેદારો તથા સભ્યોના નામ નીચે મુજબ છે.

૧. જનાબ હાજી અબ્દુલ્લા નુરમોહંમદ ભુચેરા-પ્રમુખ, મો. ૭૬૨૪૦ ૬૯૦૭૬
૨. જનાબ મુનાફ ઇકબાલ ગિરાચ-ઉપપ્રમુખ, મો. ૮૩૪૭૫ ૪૪૫૫૬
૩. જનાબ અબ્બાસ ઓસમાણ વિજળીવાઢા-સેક્રેટરી, મો. ૯૪૨૬૨ ૨૫૭૮૬
૪. જનાબ એઝાઝ હાજી અ.ગફાર ભુછડા-ટ્રેઝરર, મો. ૯૮૨૪૭ ૪૫૭૮૬

જયારે સભ્યો તરીકે (૫) જનાબ અ.સત્તાર હાજી માહમદ ધડા-મો. ૯૧૭૩૮ ૯૨૦૨૬ (૬) જનાબ આરીફ અ.સત્તાર ધડા-મો. ૯૯૭૯૫ ૭૩૯૭૦ (૭) જનાબ હાજી ઓસમાણ અબા ધડા-મો. ૯૪૦૧૦ ૮૦૩૩૯ (૮) જનાબ ફૈઝલ ઇસ્માઇલ ભુછડા-મો. ૯૮૨૪૨ ૭૩૭૮૬ (૯) જનાબ ડૉ. સલીમ મોહમ્મદ માંકડ-મો. ૯૮૯૮૫ ૦૪૦૧૧ (૧૦) જનાબ રજાક જુમ્મા ગજકરણ-મો. ૯૯૨૪૦ ૩૨૨૯૫

Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.